# BUSINESS મિત્ર

# યુદ્ધ ચાલુ રહેતા ભારતીય શેરબજારમાં વધુ કડાકા ભડાકા જોવા મળશે

**સતત** પાંચમા સપ્તાહે શેરબજાર ઘટ્યું, ઓગસ્ટ 2025 પછી સૌથી લાંબો ઘટાડો રહ્યો

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 28:** યુએસ-ઈરાન યુદ્ધ ચાલુ રહેવાની વધી રહેલી સંભાવના, ભારતીય રૂપિયો ઐતિહાસિક તળિયે, એફઆઈઆઈની સતત એક્ઝીટ અને ક્રુડ ઓઈલના વધતા ભાવો વચ્ચે, બજાર સતત પાંચમા સપ્તાહ માટે ઘટ્યું હતું, જે ઓગસ્ટ 2025 પછીનો સૌથી મોટો ઘટાડો છે. જોકે, અમેરિકાએ 6ઠ્ઠી એપ્રિલ સુધી યુદ્ધવિરામની જાહેરાત કરી હતી, પણ તેનો ઈઝરાયેલે સ્વીકાર્યો નથી અને ઈઝરાયેલના સતત હુમલા ચાલુ રહ્યા હતા, જેના લીધે તણાવ વધુ તીવ્ર બન્યો હોવાથી આગામી સપ્તાહમાં પણ ભારતીય શેરબજારમાં ભારે ઉથલપાથલ જોવા મળી શકે છે, અને સેન્સેક્સ અને નિફ્ટી નવી નીચી સપાટી તરફ આગેકૂચ કરતો જોવા મળી શકે છે.

વિતેલા સપ્તાહમાં, સેન્સેક્સ 949.74 પોઈન્ટ એટલે કે1.27 ટકા ઘટીને 73583.22 પર બંધ થયો હતો, જ્યારે નિફ્ટી 294.9 પોઈન્ટ એટલે કે 1.27 ટકા ઘટીને 22819.60 પર બંધ રહી હતી.

વિતેલા સપ્તાહે બીએસઈનો મિડકેપ ઈન્ડેક્સ 1.3 ટકા ઘટ્યો હતો. ગુજરાત ગેસ, ભારત ડાયનેમિક્સ, ન્યૂ ઈન્ડિયા એશ્યોરન્સ કંપની, એસ્કોર્ટ્સ કુબોટા, બજાજ હાઉસિંગ ફાઈનાન્સ, ટોરેન્ટ પાવર, ગોદરેજ ઈન્ડસ્ટ્રીઝ, કોચીન શિપયાર્ડ, એનટીપીસી ગ્રીન એનર્જી અને 360 વન ડબલ્યુએએમ મિડકેપમાં સૌથી વધુ નુકસાન થયું હતું. બીજી તરફ ગ્લેન્ડ ફાર્મા, ઓરેકલ ફાઈનાન્સિયલ સર્વિસિસ સોફ્ટવેર, કોફોર્જ, એલઆઈસી હાઉસિંગ ફાઈનાન્સ, વિશાલ મેગા માર્ટ, પર્સિસ્ટન્ટ સિસ્ટમ્સ અને પ્રીમિયર એનર્જીઝ ટોપ ગેઈનર્સ રહ્યા હતા.

બીએસઈના સ્મોલકેપ ઈન્ડેક્સમાં વિતેલા સપ્તાહે 1 ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. એમ્બેસી ડેવલપમેન્ટ્સ, બ્રેઈનબીઝ સોલ્યુશન્સ, પીટીસી ઈન્ડસ્ટ્રીઝ, ચેન્નાઈ પેટ્રોલિયમ કોર્પોરેશન, આરએચઆઈ મેગ્નેસિટા ઈન્ડિયા, જયપ્રકાશ પાવર વેન્ચર્સ, ફિનોલેક્સ ઈન્ડસ્ટ્રીઝ, ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ, રિલેક્સો ફૂટવેઅર્સ, કિર્લોસ્કર બ્રધર્સ, બોમ્બે બર્મા ટ્રેડિંગ કોર્પોરેશન, ફિનોલેક્સ કેબલ્સ અને ઈઆઈએચમાં 8-13 ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. બીજી તરફ એચઈજી, એએફએલ 3આઈ, એમ્ક્યુર ફાર્માસ્યુટિકલ્સ, અપાર ઈન્ડસ્ટ્રીઝ, એસીએમઈ સોલર હોલ્ડિંગ્સ, સમ્માન કેપિટલ, ફાઈવ સ્ટાર બિઝનેસ ફાઈનાન્સ અને બ્રિગેડ એન્ટરપ્રાઈઝમાં 7થી 15 ટકાનો વધારો જોવા મળ્યો હતો. આઈટી સિવાયના અન્ય તમામ ક્ષેત્રીય સૂચકાંકો લાલ રંગમાં બંધ થયા હતા. નિફ્ટી ડિફેન્સ અને પીએસયુ બેન્ક સૂચકાંકોમાં 4-4 ટકાનો ઘટાડો થયો હતો, જ્યારે રિયલ્ટી ઈન્ડેક્સમાં 3.7 ટકા, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ઈન્ડેક્સમાં 2.4 ટકા અને મેટલ ઈન્ડેક્સમાં 2 ટકાનો ઘટાડો થયો હતો.

સપ્તાહ દરમ્યાન રિલાયન્સના માર્કેટ કેપમાં સૌથી મોટો ઘટાડો જોવા મળ્યો હતો. ત્યારબાદ એચયુએલ, બજાજ ફાઈનાન્સ, ભારત ઈલેક્ટ્રોનિક્સમાં દબાણ જોવા મળ્યું હતું. બીજી તરફ, લાર્સન એન્ડ ટુબ્રો, બજાજ ફાઈનાન્સ, એચસીએલ ટેક્નોલોજીસના માર્કેટ કેપમાં વધારો જોવા મળ્યો હતો.

એફઆઈઆએ સતત છઠ્ઠા સત્રમાં ભારતીય ઈક્વિટીમાં વેચાણ ચાલુ રાખ્યું હતું, જેમાં રૂપિયા 24596.46 કરોડના શેરનું વેચાણ થયું હતું. જ્યારે ડીઆઈઆઈએ રૂપિયા 26897.05 કરોડની ઈક્વિટી લીધી હતી. વિતેલા સપ્તાહમાં સૌથી વધુ રૂપિયો તૂટયો હતો અને ઐતિહાસિક નીચી સપાટીએ પહોંચી ગયો હતો. જે સપ્તાહના અંતે 94.81ના રેકોર્ડ સ્તરની નજીક બંધ થયો હતો, જે લગભગ સપ્તાહ દરમ્યાન 2 ટકાનો ઘટાડો દર્શાવે છે.

# GST કાયદા હેઠળ પોર્ટલ કાયદાથી વિરૂધ્ધ કશુ કરી શકે નહીં

## - નામદાર ગુજરાત હાઇકોર્ટનો અગત્યનો ચૂકાદો

જયારે બે કંપનીઓ એક બીજામાં વિલીન થયેલ હોય. એમાલગમેર થયેલ હોય અને બંને કપનીઓ એક બીજાથી જૂદા રાજ્યોમાં સ્થિત હોય તો પણ જે ંપની વિલીન થયેલ હોય તેની વણવપરાયેલ ઈન્પૂટ ટેક્ષ ક્રેડિટ જે કંપનીમાં વિલીન થયેલ હોય તેમાં તબદીલ થઇ શકે એવી કાયદાકિય જોગવાઇ હોવા છતાં પોર્ટલ દ્વારા તે ન થઇ શકતું હોવાથી તેને મેન્યુઅલી તબદીલ કરવાનો હુકમ કરતો ચૂકાદો તાજેતરમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે આપ્યો છે. ખેર ! ના.ગુજરાત હાઈકોર્ટના ઈમરસન પ્રોસેસ મેનેજમેન્ટ (ઈન્ડિયા) પ્રા.લી.વિ. યુનિયન ઓફ ઈન્ડિયા- એ.સી. એપ્લી. નં. 7006/2024ના તા. 5-3-26ના તાજેતરના ચૂકાદા તરફ એક નજર નાંખીએ તો.

### હકીકત...

આ કંપનીના કેસમાં અરજદાર પ્રા. લીમટેડ કંપની છે કંપનીનો ધંધો વાલ્વ અને તેના ભાગોનો ઉત્પાદન કરવાનો છે. કંપની ગુજરાત, મહારાષ્ટ્ર, તામિલનાડુ, કર્ણાટક તેમજ આંધ્રપ્રદેશ રાજ્યોમાં GST કાયદા હેઠળ નોંધાયેલ છે. નેશનલ કંપની લો ટ્રીબ્યુનલ- NCTY- દ્વારા પેનેટર વાલ્વસ એન્ડ કન્ટ્રોલ ઈન્ડિયા પ્રા.લી.નો સમગ્ર ધંધો-સંપત્તિ, જવાબદારી સહિત આ કંપનીમાં વિલીન થયેલ છે. વિલીનીકરણને કારણે જે કંપની તબદીલ થયેલ તેના ચોપડે જે ટેક્ષ ક્રેડિટ જમા હતી તે તમામ ટેક્ષ ક્રેડિટ અરજદાર કંપનીને તબદીલ થયેલ. વિલીનીકરણને કારણે આવી વિલીન થયેલ કંપનીની જમા ઈન્પૂટ ટેક્ષ ક્રેડિટ પોતાને તબદીલ કરવા ઘણા પ્રયત્નો કર્યા છતાં ભૂલના સંદેશ સાથે પોર્ટલ પર તેવી ટેક્ષ ક્રેડિટ અરજદારને તબદીલ થઇ શકતી ન હતી. અરજદારની અધિકારી સમક્ષની વારંવારની રજૂઆત નિષ્ફળ જતાં કંપની દ્વારા ના.હાઈકોર્ટ સમક્ષ રીટ-પીટીશન ફાઈલ કરવામં આવી.

### દલીલ...

કંપની તરફથી વિધ્વાન એડવોકેટે દલીલ કરતા જણાવ્યું કે કલમ 18 નિયમ 41 સાથે જોતાં, વણવપરાયેલી ITCની તબદીલી પોર્ટલ પર ફોર્મ ITC-02 ભરીને થઇ શકે છે. આ કેસમાં પોર્ટલ પર રજૂઆત કરતાં પોર્ટલ પર એવો સંદેશને મળેલ કે તબદીલ થયેલ અને તબદીલી સ્વીકારનાર બંને કંપની એક જ રાજ્યની હોવી જોઈએ ત્યારે તેને તબદીલ ન કરવા દેતી પોર્ટલની પ્રક્રિયા ગેરકાયદેસરની છે અને તેના સમર્થનમાં ના.મુંબઈ હાઈકોર્ટના ટુનીકોટનો ચૂકાદો ટાંકયો.

**કાયદાની કેડીએ...**

ઈશ્વર રૂદલાલ

### ચૂકાદો...

ના.હાઈકોર્ટે મુંબઈ હાઈકોર્ટનો ચૂકાદાનો આધાર લીધો, જેમાં ના.હાઈકોર્ટે નોંધ્યું હતું કે ITCની જોગવાઈ કરવા પાછળનો ધારાસભાનો ઈરાદો બેવડા વેરાનું ભારણ અટકાવવાનો છે અને ઠરાવામાં આવ્યું હતું કે જયારે કાયદામાં બે કંપનીઓ અલગ રાજ્યમાં હોય તો પણ ITCની તબદીલી કરવા સામે કોઇ પ્રતિબંધ નથી ત્યારે પોર્ટલ પરના ફોમર્મા તે અંગેનું બંધન દાખલ કરી શકાય નહીં અને ના.હાઈકોર્ટે જણાવ્યું કે મુંબઈ હાઈકોર્ટના ચૂકાદાથી અલગ મંતવ્ય લેવા કોઇ જ કારણ નથી અને બંને કંપનીઓ અલગ રાજ્યમાં હોય તો પણ ITC તબદીલ ન થઇ શકે એવી જોગવાઇ કલમ 18(3) કે નિયમ 41માં નથી. અને તેથી પોર્ટલ પરનું બંધન કાયદા વિરૂધ્ધનું છે એમ જણવી રીટ-પીટીશન મંજૂર કરી અને જયાં સુધી પોર્ટલ પર એવી જરૂરી સગવડ ઊભી ન કરવામં આવે ત્યાં સુધી ખાતાને મેન્યુઅલી ફોર્મ ITCના સ્વીકારી તેની ચકાસણી છ અઠવાડિયામાં કરવા ના.હાઈકોર્ટે ફરમાવ્યું.

# વોડાફોન આઈડિયા બાદ ભારતી એરટેલે એજીઆરમાં રાહત માંગી

**જો કે** ટેલિકોમ મંત્રાલયે કહ્યું કે એજીઆરમાં રાહત માત્ર વોડાફોન આઇડિયા પુરતી મર્યાદિત છે

નવી દિલ્હી, તા. 28: વોડાફોન આઈડિયાને એજીઆરમાં રાહત મળ્યા બાદ ભારતી એરટેલે સરકારને એજીઆર બાકી રકમમાં રાહત આપવાની અપીલ કરી છે. ટેલિકોમ વિભાગે સ્પષ્ટતા કરી છે કે હાલની રાહત માત્ર વોડાફોન આઈડિયા સુધી મર્યાદિત છે. સરકારના જણાવ્યા અનુસાર, એરટેલે રાહત મેળવવા માટે સુપ્રીમ કોર્ટનો આદેશ માંગવો પડશે. કંપની પર લગભગ 42000 કરોડ રૂપિયાનું દેવું છે.

વોડાફોન આઈડિયાને મળેલી રાહતને ટાંકીને કંપનીએ પોતાના માટે આવી જ સુવિધા માંગી છે. ડીઓટીએ સંસદમાં જણાવ્યું હતું કે એરટેલે આ મામલે સત્તાવાર પ્રેઝન્ટેશન કર્યું છે, પરંતુ અત્યાર સુધી આપવામાં આવેલી રાહત માત્ર વોડાફોન આઈડિયા સુધી જ મર્યાદિત છે. ટેલિકોમ્યુનિકેશન વિભાગે એ પણ સ્પષ્ટતા કરી હતી કે જે આદેશ જારી કરવામાં આવ્યો છે તે ફક્ત સંબંધિત ટેલિકોમ કંપની વોડાફોન આઈડિયા માટે છે.

વિભાગના જણાવ્યા અનુસાર, વોડાફોન આઈડિયાના એજીઆર બાકી રકમનું પુનર્ગઠન સુપ્રીમ કોર્ટના આદેશો અનુસાર કરવામાં આવ્યું છે. સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ કેન્દ્ર સરકારની કેબિનેટે એજીઆર એરિયર્સ પર 5 વર્ષના મોરેટોરિયમને મંજૂરી આપી હતી, ત્યારબાદ 10 વર્ષમાં ચુકવણીની વ્યવસ્થા અને બાકી રકમનું પુનર્ગઠન કરવામાં આવ્યું હતું.

કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ સ્પષ્ટ કરી દીધું હતું કે ભારતી એરટેલે એજીઆર એરિયર્સમાં રાહત મેળવવા માટે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કરવો પડશે. એટલે કે, સરકાર તેના સ્તરે સીધી રાહત આપી શકશે નહીં, સિવાય કે કોર્ટ તરફથી અન્ય કંપનીના કિસ્સામાં આવો જ આદેશ ન આવે.અત્રે ઉલ્લેખનીય છે કે, એજીઆર વિવાદ 2019થી ચાલે છે.

# આગામી સપ્તાહમાં શેરબજારમાં માત્ર ત્રણ દિવસનું ટૂંકું સત્ર રહેશે

**મહાવીર** જયંતિ અને ગુડ ફ્રાઇડેની જાહેર રજાઃ શેરબજારના ટુંકા સત્રમાં તોફાની વધઘટ રહેશે

મુંબઈ, તા. 28છ ઈરાન-યુએસ અને ઈઝરાયેલ યુદ્ધને એક મહિનો પુરો થવાના આરે છે, ત્યારે કોઈ પરિણામ દેખાતું નથી અને આ યુદ્ધ લાંબુ ચાલવાની સંભાવનાએ રોકાણકારો ચિંતિત જોવા મળી રહ્યા છે અને આવનારા દિવસોમાં હજુય અનિશ્ચિતતાનો માહોલ ચાલુ રહેશે. આ દરમ્યાન આગામી સપ્તાહમાં બે જાહેર રજાના કારણે માત્ર 3 દિવસનું ટુંકું સત્ર મળનારૂં હોવાથી ભારતીય શેરબજારમાં તોફાની વધઘટ જોવા મળશે અને કોઇ સકારાત્મક અહેવાલ નહીં આવે તો શેરબજાર મંદી તરફ આગળ વધતું જોવા મળશે. જેમાં નિફ્ટી 22000 પોઈન્ટ તરફ આગળ વધે તેવું અનુમામ કરવામાં આવી રહ્યું છે. આગામી સપ્તાહમાં ટ્રેડિંગના દિવસો ઓછા છે અને હાલની સ્થિતિએ મીડલ ઈસ્ટનો તણાવ ચાલુ જ છે, ત્યારે ભારતીય શેરબજારમાં કરેકશન આગળ વધતું જોવા મળશે. 30 માર્ચથી 3 એપ્રિલ સુધી શેરબજારમાં પાંચ કારોબારી દિવસોમાં માત્ર 3 દિવસ માટે ખુલ્લું રહેશે. એનએસઈ અને બીએસઈ અનુસાર 31 માર્ચના રોજ મહાવીર જયંતિ અને 3 એપ્રિલના રોજ ગુડ ફ્રાઈડે નિમિત્તે બજારો બંધ રહેશે. 4,5 એપ્રિલે શનિવાર અને રવિવાર હોવાથી બજાર બંધ રહેશે. ગત સપ્તાહમાં રામનવમીની એક દિવસની રજા હતી. જેના કારણે ટ્રેડિંગ સેશન ઓછું હતું, આમ, વારંવાર રજાઓ બજારમાં વોલ્યુમ અને પ્રવૃત્તિને અસર કરી શકે છે. નિષ્ણાતોનું માનવું છે કે, વારંવાર રજાઓ હોવાના કારણે ટ્રેડિંગ વોલ્યુમ નીચું રહી શકે છે અને બજારમાં અસ્થિરતા વધી શકે છે. આવી સ્થિતિમાં રોકાણકારોએ તેમની ટ્રેડિંગ સ્ટ્રેટેજી બનાવતી વખતે આ રજાઓને ધ્યાનમાં રાખવી જોઈએ.

# ક્રુડના વધતા ભાવ અને ફુગાવાની ચિંતાએ વૈશ્વિક શેરબજારોમાં ઘટાડા ચાલુ રહ્યા

**નાસ્ડેક** કરેક્શન ઝોનમાં પ્રવેશ્યો, એસ એન્ડ પી 500 ઇન્ડેક્સ સતત પાંચમાં સપ્તાહે ઘટ્યો

**નિષ્ણાતોના** અભિપ્રાય પ્રમાણે બજારમાં વોલેટાલિટી વધી શકે છે

મુંબઈ, તા. 28: મધ્ય પૂર્વમાં ઈરાન અને ઈઝરાયલ વચ્ચે વધતા સૈન્ય સંઘર્ષે વૈશ્વિક બજારોને હચમચાવી નાખ્યા છે. દુનિયાભરના અનેક શેરબજારોમાં ઘટાડાનો માહોલ ચાલુ રહ્યો છે તો યુદ્ધમાં સંડોયાયેલ આર્થિક અને લશ્કરી મહાસત્તા અમેરિકાના શેરબજારનું તો ભારે ધોવાણ થયું છે.

ક્રુડઓઈલના વધતા ભાવ અને ફુગાવાની ચિંતાએ અમેરિકન શેરબજારને હચમચાવી નાખ્યું છે. વોલ સ્ટ્રીટમાં 27 માર્ચે તીવ્ર ઘટાડો જોવા મળ્યો હતો. ક્રૂડ ઓઇલના ભાવમાં વધારો અને લાંબા સમય સુધી ઈરાન યુદ્ધના સંકેતો ચાલુ હોવાથી રોકાણકારોનો વિશ્વાસ નબળો પડ્યો હતો. ખાસ કરીને ટેક શેરોમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હતો, જેના કારણે નાસ્ડેક ઈન્ડેક્સ સત્તાવાર રીતે કરેક્શન ઝોનમાં પ્રવેશ્યો હતો.

એસએન્ડપી 500 ઈન્ડેક્સ 0.6 ટકા ઘટ્યો હતો. ઈન્ડેક્સ હવે સતત પાંચમા સપ્તાહમાં ઘટાડા સાથે બંધ થવાના માર્ગે છે. 2022 પછીનો આ ઈન્ડેક્સનો સૌથી લાંબો ઘટાડાનો સિલસિલો હશે.

તે જ સમયે, નાસ્ડેક 0.7 ટકા ઘટ્યો હતો. આ સાથે, ઈન્ડેક્સ હવે તેની ઓક્ટોબરની ઊંચી સપાટીથી 10 ટકાથી વધુ નીચે છે. અમેરિકન શેરબજાર પર સૌથી મોટું દબાણ ક્રુડ ઓઇલના ભાવમાં વધારાને કારણે આવ્યું છે. ગઈકાલે બ્રેન્ટ ક્રૂડ 111 ડોલર પ્રતિ બેરલ પર પહોંચ્યો હતો, જેના કારણે રોકાણકારોની ચિંતા વધી ગઇ છે. નિષ્ણાતો કહે છે કે તેલના ભાવમાં વધારાથી શેરબજારો પર સીધું દબાણ આવે છે, કારણ કે તેનાથી મોંઘવારીનું જોખમ રહે છે અને કંપનીઓના ખર્ચમાં વધારો થાય છે.

મધ્ય પૂર્વમાં ઈરાન અને ઇઝરાયલ વચ્ચે વધતા સૈન્ય સંઘર્ષે વૈશ્વિક બજારોને હચમચાવી નાખ્યા છે. બંને દેશો વચ્ચે મિસાઈલ હુમલા ચાલુ છે, જ્યારે અમેરિકા પણ આ સંકટમાં સક્રિય ભૂમિકા ભજવી રહ્યું છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ શાંતિ માટે વાટાઘાટો કરવાનો પ્રયાસ કરી રહ્યા છે, પરંતુ પરિસ્થિતિ હજુ પણ તણાવપૂર્ણ છે. અહેવાલો અનુસાર, અમેરિકા મધ્ય પૂર્વમાં વધારાના સૈનિકો મોકલવા પર પણ વિચાર કરી રહ્યું છે.

યુએસ 10 વર્ષના બોન્ડ યીલ્ડ વધીને 4.46 ટકા થઇ ગઇ છે, જે રોકાણકારો માટે ચિંતાનું બીજું કારણ છે. તેલના ભાવમાં વધારાને કારણે ફુગાવો વધવાની આશંકા છે, જેના કારણે ફેડરલ રિઝર્વ માટે વ્યાજદરમાં ઘટાડો કરવો મુશ્કેલ બની શકે છે. નિષ્ણાતો માને છે કે ઉચ્ચ ઉપજ રોકાણકારોને સલામત રોકાણ વિકલ્પો તરફ આકર્ષિત કરે છે, શેરબજારમાં રોકાણમાં ઘટાડો કરે છે. યુએસ ફેડરલ રિઝર્વના અધિકારીઓએ પણ આર્થિક પરિસ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી છે. ફેડના ગવર્નર લિસા કૂકે કહ્યું કે, ક્રુડના ભાવમાં વધારાથી ફુગાવાનું જોખમ વધ્યું છે, જે રોજગાર કરતાં મોટી ચિંતા બની ગઇ છે. બજારમાં વધતી જતી અનિશ્ચિતતા વચ્ચે વીઆઈએક્સ પણ 30ના સ્તરની નજીક પહોંચી ગયો છે.

# ટુ વ્હીલરના ઈલેક્ટ્રીક વાહનોમાં ટીવીએસનો દબદબો જળવાયો

**માર્ચ એન્ડીંગના** ડિસ્કાઉન્ટ, એક્સચેન્જ ઓફર જેવી યોજનાઓથી વેચાણમાં વૃદ્ધિ જોવાઇ

મુંબઈ, તા. 28: ટીવીએસ મોટરભારતના ઈલેક્ટ્રિક ટુ-વ્હીલર માર્કેટમાં પ્રભુત્વ ધરાવે છે. સરકારના રજિસ્ટ્રેશન ડેટા અનુસાર, માર્ચ મહિનામાં કુલ 139238 ઈલેક્ટ્રિક ટુ વ્હીલર્સ નોંધાયા હતા. જેમાંથી 38007 યુનિટ ટીવીએસ મોટરના હતા. ઈલેક્ટ્રિક ટુ વ્હીલરના કિસ્સામાં કંપનીનો માર્કેટ શેર વધીને 27.3 ટકા થયો છે. બજાજ ઓટો 33447 રજિસ્ટ્રેશન સાથે બીજા ક્રમે છે. તેનો બજાર હિસ્સો 24 ટકા છે. એથર એનર્જી 26151 યુનિટ્સના વેચાણ અને 18.8 ટકા માર્કેટ શેર સાથે ત્રીજા ક્રમે છે. હીરો મોટોકોર્પની ઈલેક્ટ્રિક મોબિલિટી બ્રાન્ડની વિદાએ 15683 રજિસ્ટ્રેશન અને 11.3 ટકા માર્કેટ શેર સાથે ચોથા સ્થાને સ્થાન મેળવ્યું છે. ઓલા ઈલેક્ટ્રિકનું માર્ચ મહિનામાં 6381 યુનિટ્સનું વેચાણ નોંધાયું હતું, જે 4.6 ટકા બજાર હિસ્સા સાથે બજારમાં પાંચમા ક્રમે છે.

જ્યારે અન્ય કંપનીઓ દ્વારા પણ વેચાણનો હિસ્સો જોવા મળ્યો હતો. ઉલ્લેખનીય છે કે, ફેબ્રુઆરી 2026માં, કુલ ઈલેક્ટ્રિક ટુ-વ્હીલર રજિસ્ટ્રેશન 101059 યુનિટ હતું.

માર્ચ મહિનામાં ઈલે. વાહનોના વેચાણમાં મુખ્ય પરિબળ જોઈએ તો ડિસ્કાઉન્ટ રહ્યું છે. જેના લીધે માર્ચમાં વેચાણમાં વધારો થયો હતો. અગ્રણી ઈલેક્ટ્રિક ટુ-વ્હીલર બ્રાન્ડ્સના ડીલરો ચાલુ નાણાકીય વર્ષના અંત પહેલા તેમના શેરને લિક્વિડેટ કરવા માંગે છે. આ માટે તેમણે માર્ચમાં મર્યાદિત સમય માટે ડિસ્કાઉન્ટ, એક્સચેન્જ ઓફર અને ફાઈનાન્સિંગ સ્કીમ રજૂ કરી હતી. દરેક કંપનીઓ દ્વારા માર્ચ મહિનામાં વિવિધ ડિસ્કાઉન્ટ ઓફર કરાઈ હતી, જેના લીધે વેચાણમાં મોટો ઉછાળો જોવાયો હતો.

આ ઉપરાંત, આ મહિને, કેન્દ્ર સરકારની પીએમ ઇ-ડ્રાઇવ સબસિડીની સમયમર્યાદા નજીક આવતાં ઈલેક્ટ્રિક વાહનોની માંગમાં પણ જબરદસ્ત વધારો જોવા મળ્યો હતો.

### યાર્ન બજાર સુરત
(GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ ’’ | ૧૩૫ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૬૯ | ૫૦/૩૬ ’’ | ૧૪૬ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૦ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૬ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૩૦ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૧૪.૫૦ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૬ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૮૦ |
| ૬૮/૩૬ | ૧૩૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૨ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૮ | ૧૦૦ ટેક્ષ | ૧૩૫ | ૬૮ ક્રિમ્પ | ૧૪૦ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૪ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૩૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૫ | ૮૦/૭૨ રોટો | ૧૪૧ | ૭૫ ક્રિમ્પ | ૧૩૮ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૭ | ૮૦ ક્રિમ્પ | ૧૩૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૩૮ | ૧૬૦ ડીસ્કેટ | ૧૪૭ | ૮૦/૭૨ રોટો | ૧૩૯ |
| ૮૦/૩૬ રોટો. | ૧૩૯ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૨૯ | ૮૦/૧૦૮ ’’ | ૧૨૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૩૮ |

### સોના-ચાંદી સુરત
(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૦૬૫૦ |
| તેજાબી સોનું | ૧૫૦૫૬૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૩૧૨૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૪૭૬૪૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૦૬૫૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૩૪૦૦૦ |
| ચાંદી સિક્કા | ૨૩૫૫૦૦ |

### જથ્થાબંધ ખાંડબજાર
પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૨૫૦ |
| એસ-૩૦ | ૪૧૫૦ |

### તેલ બજાર સુરત
૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૩૦ | કોપરેલ | ૫૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૩૦ | વનસ્પતિ ઘી | ૨૪૫૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૭૦ | સનફ્લાવર | ૨૬૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૫૮૦ | તલતેલ | ૪૯૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૩૫૦ | દિવેલ | ૨૪૫૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૮૫૦ | | |


**પશ્ચિમ રેલવે દ્વારા વિવિધ સ્પેશિયલ ટ્રેનોના ફેરા લંબાવવામાં આવ્યા**

| ટ્રેન નંબર | સ્ટેશન (ક્યાંથી - ક્યાં સુધી) | દોડવાનો દિવસ | ક્યાં સુધી લંબાવી |
|---|---|---|---|
| 09065 | સુરત - છાપરા (સાપ્તાહિક) | સોમવાર | 29.06.2026 |
| 09066 | છાપરા - સુરત (સાપ્તાહિક) | બુધવાર | 01.07.2026 |
| 09075 | મુંબઈ સેન્ટ્રલ - કાઠગોદામ (સાપ્તાહિક) | બુધવાર | 29.04.2026 |
| 09076 | કાઠગોદામ - મુંબઈ સેન્ટ્રલ (સાપ્તાહિક) | ગુરુવાર | 30.04.2026 |
| 09185 | મુંબઈ સેન્ટ્રલ - કાનપુર અનવરગંજ (સાપ્તાહિક) | રવિવાર | 26.07.2026 |
| 09186 | કાનપુર અનવરગંજ - મુંબઈ સેન્ટ્રલ (સાપ્તાહિક) | સોમવાર | 27.07.2026 |
| 09005 | બાંદ્રા ટર્મિનસ - ભિવાની (સાપ્તાહિક) | બુધવાર | 29.07.2026 |
| 09006 | ભિવાની - બાંદ્રા ટર્મિનસ (સાપ્તાહિક) | ગુરુવાર | 30.07.2026 |
| 09031 | ઉધના - હસનપુર રોડ (અનરિઝર્વ્ડ - સાપ્તાહિક) | રવિવાર | 28.06.2026 |
| 09032 | હસનપુર રોડ - ઉધના (અનરિઝર્વ્ડ - સાપ્તાહિક) | સોમવાર | 29.06.2026 |

સમય, સ્ટોપેજ અને કોચની રચના (કમ્પોઝિશન) અંગેની વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

ટ્રેન નંબર 09065, 09075, 09185 અને 09005ના લંબાવવામાં આવેલા ફેરા માટેનું બુકિંગ તમામ PRS કાઉન્ટર્સ અને IRCTCની વેબસાઇટ પર 29.03.2026 થી શરૂ થશે. ઉપરોક્ત ટ્રેનો સ્પેશિયલ ભાડા સાથે સ્પેશિયલ ટ્રેન તરીકે દોડશે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઇક અને ફોલો કરો: facebook.com/WesternRly X.com/WesternRly Instagram.com/WesternRly https://www.youtube.com/@WesternRly https://bit.ly/WesternRailwayOfficial

મહેરબાની કરીને તમામ રિઝર્વ ટિકિટો માટે ઓરિજિનલ આઈડી પ્રૂફ સાથે રાખો.



DGVCL

**દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ**
CIN U40102GJ2003SGC042909
પીપલોદ {સં. અને નિ} વિભાગીય કચેરી
પેહલો માળ, ઈ-સ્પેસની સામે, ભગવાન મહાવીર કોલેજ ચાર રસ્તા, ન્યુ વી.આઈ.પી.રોડ, ભરથાણા-વેસુ, સુરત-૩૯૫૦૦૭
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં.૧૯૧૨૩ (કે ૧૮૦૦૨૩૩૩૦૦૩)

આથી અમારા માનવંતા ગ્રાહકો ને જણાવવાનું કે સબસ્ટેશન ની અગત્યની સમારકામ, RDSS તથા એનડી ની કામગીરી હોવાના કારણે નીચે દર્શાવેલ સબસ્ટેશનમાંથી નીકળતા તમામ ફીડરોનો વીજપ્રવાહ નીચે દર્શાવેલ તારીખ અને સમય મુજબ બંધ રહેશે.

| સબ સ્ટેશન | ફીડર | સબ ડીવીઝન | વિસ્તાર | ફોલ્ટ સેન્ટર નં | તારીખ | સમય |
|---|---|---|---|---|---|---|
| ભેસ્તાન | ૨૨ કે.વી બમરોલી | બમરોલી | Dmart અને પિયુષ પોઈન્ટ ને આજુબાજુ ના વિસ્તાર | ૧૯૧૨૩ | ૩૦.૦૩.૨૦૨૬ | ૦૯:૦૦ થી ૧૫:૦૦ |
| ઇચ્છાપોર | ૧૧ કે.વી કવાસ | ઈચ્છાપોર | કવાસ ગામની આજુબાજુનો વિસ્તાર | ૧૯૧૨૩ | ૩૦.૦૩.૨૦૨૬ | ૦૯:૦૦ થી ૧૫:૦૦ |
| ઈચ્છાપોર | ૧૧ કે.વી વીલ પાર્ક | ઈચ્છાપોર | સાયન પાર્ક ઇન્ડ.ની આજુબાજુનો વિસ્તાર | ૧૯૧૨૩ | ૩૦.૦૩.૨૦૨૬ | ૦૯:૦૦ થી ૧૫:૦૦ |
| ઈચ્છાપોર | ૧૧ કે.વી ભાઠપોર | ઇચ્છાપોર | ભાટપોર જી.આઇ.ડી.સી નો વિસ્તાર | ૧૯૧૨૩ | ૩૦.૦૩.૨૦૨૬ | ૦૯:૦૦ થી ૧૫:૦૦ |
| ડુમસ | ૧૧ કે.વી સાયલન્ટ ઝોન | મગદલ્લા | DPS SCHOOL ની આજુબાજુનો વિસ્તાર | ૧૯૧૨૩ | ૩૧.૦૩.૨૦૨૬ | ૦૯:૦૦ થી ૧૫:૦૦ |
| ડુમસ | ૧૧ કે.વી. યુથોપિયા ફીડર | મગદલ્લા | કોપર સ્ટોન ની આજુબાજુનો વિસ્તાર | ૧૯૧૨૩ | ૩૧.૦૩.૨૦૨૬ | ૦૯:૦૦ થી ૧૫:૦૦ |
| ભીમરાડ | ૧૧ કે.વી કલામંદિર | અલથાણ | મહાવીર કોલેજની આજુબાજુનો વિસ્તાર | ૧૯૧૨૩ | ૩૧.૦૩.૨૦૨૬ | ૦૯:૦૦ થી ૧૫:૦૦ |
| ખજોદ | ૧૧ કે.વી મંગલમ | મગદલ્લા | સેલિબ્રિટીગ્રીન અને તેની આજુબાજુના વિસ્તાર | ૧૯૧૨૩ | ૦૧.૦૪.૨૦૨૬ | ૦૯:૦૦ થી ૧૫:૦૦ |
| મોરા | ૧૧ કે.વી હાયડ્રો કાર્બન એક્સ | ઈચ્છાપોર | L&T ની આજુબાજુ | ૧૯૧૨૩ | ૦૨.૦૪.૨૦૨૬ | ૦૯:૦૦ થી ૧૫:૦૦ |
| મોરા | ૧૧ કે.વી વાસવા | ઈચ્છાપોર | વાસવા ગામ, દામકા, ભાટલાઈ | ૧૯૧૨૩ | ૦૨.૦૪.૨૦૨૬ | ૦૯:૦૦ થી ૧૫:૦૦ |
| મોરા | ૧૧ કે.વી હજીરા | ઈચ્છાપોર | હજીરા ગામ ને આજુબાજુના વિસ્તાર | ૧૯૧૨૩ | ૦૨.૦૪.૨૦૨૬ | ૦૯:૦૦ થી ૧૫:૦૦ |
| ડુમસ | ૧૧ કે.વી ડુમસ | મગદલ્લા | ડુમસ ગામ ને આજુબાજુના વિસ્તાર | ૧૯૧૨૩ | ૦૩.૦૪.૨૦૨૬ | ૦૯:૦૦ થી ૧૫:૦૦ |
| વડોદ | ૧૧ કે.વી. સાઈમોહન ફીડર | વડોદ | સાઈમોહન સોસયટી ૧ થી ૫, ઓમ ઇન્ડ અને તેની આજુબાજુના વિસ્તાર | ૧૯૧૨૩ | ૦૩.૦૪.૨૦૨૬ | ૦૯:૦૦ થી ૧૫:૦૦ |
| GHB | ૧૧કે.વી ગ્રીન લેબ | ઇચ્છાપોર | GHBની આજુબાજુનો વિસ્તાર | ૧૯૧૨૩ | ૦૪.૦૪.૨૦૨૬ | ૦૯:૦૦ થી ૧૫:૦૦ |
| GHB | ૧૧ કે.વી જ્વેલરી | ઇચ્છાપોર | GHB માં J લાઈન થી N લાઈન M લાઈન સિવાય | ૧૯૧૨૩ | ૦૪.૦૪.૨૦૨૬ | ૦૯:૦૦ થી ૧૫:૦૦ |

નોંધ :- સમારકામ પૂર્ણ થયેથી કોઇપણ પ્રકારની પૂર્વ સૂચના આપ્યા સિવાય વીજ પ્રવાહ ચાલુ કરવામાં આવશે.
કાર્યપાલક ઈજનેર (સં અને નિ), પીપલોદ વિભાગીય કચેરી, દ.ગુ.વી.કં.લિ.
ગ્રાહક તકરાર નિવારણ સમિતિની બેઠક દર મહિને ૧૦મી તારીખે વિભાગીય કચેરીએ અને ૨૦મી તારીખે વર્તુળ કચેરીએ